
# ધન્ય અવતાર !

પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબંધી
પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ઉદ્ગારો



પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

પ્રથમ આવૃત્તિ : પ્રત ૩૭૦૦

❋

વીર સં. ૨૫૦૭ ❋ વિ. સં. ૨૦૩૭

❋

જડાવબેન નાનાલાલભાઈ જસાણી (સોનગઢ)ના
પરિવાર તરફથી ગુજરાતી 'આત્મધર્મ'ના
ગ્રાહકોને ધર્મવાત્સલ્ય સહ ભેટ

❋

: મુદ્રક :

**પ્રવીણચંદ્ર હ. શાહ**

સુમતિ પ્રિન્ટિંગ પ્રેસ,

**સોનગઢ**

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Dakshaben Sanghvi, Geneva, Switzerland who has paid for it to be "electronised" and made available on the internet.

Our request to you:

1) Great care has been taken to ensure this electronic version of
Dhanya Avtar (Gujarati) is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

## Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 9 December 2009 | First electronic version |

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

ॐ

—શુદ્ધાત્મબોધદાતા કૃપાળુ ગુરુદેવને નમસ્કાર—

# ધન્ય અવતાર!

પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબંધી
(પ્રવચન, તત્ત્વચર્ચા ઇત્યાદિ પ્રસંગે)
પ. પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ઉદ્ગારો

卐

: પ્રકાશક :
જડાવબેન નાનાલાલભાઈ જસાણીનો પરિવાર
સોનગઢ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



परमपूज्य युगस्रष्टा गुरुदेव श्री कानजीस्वामी

परमपूज्य युगस्त्रष्टा गुरुदेव श्री कानजीस्वामी

❀

'બેનબા! તમારે શું છે? તમારે તો બધું જોયા કરવું. મારા હિસાબે તો હજી ઓછું થાય છે. તમારા માટે લોકો જેટલું કરે તેટલું થોડું છે.' —પૂજ્ય ગુરુદેવ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

અહો! દેવ-શાસ્ત્ર-ગુરુ મંગળ છે, ઉપકારી છે. આપણને તો દેવ-શાસ્ત્ર-ગુરુનું દાસત્વ જોઈએ છે.

પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભુલાય?

ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.

પરમ-ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે. તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.

પૂજ્ય ગુરુદેવનાં ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો.

—પૂ. બહેનશ્રી ચંપાબેન

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

卐

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

卐

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

# * પ્રકાશકીય નિવેદન *

પરમપૂજ્ય અધ્યાત્મયુગસ્રષ્ટા કરુણાસાગર ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો સમસ્ત મુમુક્ષુ-જગત પર અનંત અનંત ઉપકાર છે. તેઓ-શ્રીના વિવિધ ઉપકારોમાંનો એક મહાન ઉપકાર એ છે કે તેઓશ્રીએ આપણને પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર અલૌકિક અંતરંગદશાની યથાર્થ ઓળખાણ કરાવી છે.

સુધાસ્યંદી-સ્વાત્માનુભૂતિપરિણત, વિશિષ્ટ-જ્ઞાનવિભૂષિત પૂજ્ય બહેનશ્રીની સહજપ્રશમરસ-ઝરતી મુદ્રા જ જાણે કે સાધકદશાનું મૂર્ત રૂપ હોય તેમ સમ્યક્ મોક્ષમાર્ગનો મૂક ઉપદેશ આપી રહી છે. શાસ્ત્રોપમ-ગંભીર છતાં સરલ એવાં તેમનાં ‘વચનામૃત’ વિધવિધ કોટિના સર્વ જીવોને અતિ ઉપકારક થાય છે, ચમત્કારિક વિશદતાથી વસ્તુસ્વરૂપને હસ્તા-મલકવત્ દર્શાવે છે અને સાધક જીવોની અટપટી અંતર પરિણતિની અવિરુદ્ધપણે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સ્પષ્ટ સૂઝ આપે છે. કૃપાસાગર પૂજ્ય ગુરુદેવ પણ પૂજ્ય બહેનશ્રીની પવિત્ર દશાનો અને 'વચનામૃત'નો સભામાં અનેક વાર મહિમા વર્ણવતાં અતિ પ્રસન્નતા અનુભવતા હતા.

વિ. સં. ૨૦૩૭ના શ્રાવણ માસના ગુજરાતી 'આત્મધર્મ'ના અંકમાં (પૂજ્ય બહેનશ્રીની ૬૮ મી જન્મજયંતીના અંકમાં) શ્રી સ્વાધ્યાય-મંદિર ટ્રસ્ટના પ્રમુખ—માનનીય મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીએ 'પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબંધી (પ્રવચન, તત્ત્વચર્ચા ઇત્યાદિ પ્રસંગે) પરમપૂજ્ય ગુરુદેવના ઉદ્ગારો' નામનો લેખ પ્રકાશિત કરી મુમુક્ષુસમાજ પર ઉપકાર કર્યો છે. તે લેખની ભૂમિકારૂપે તેઓશ્રી નીચે પ્રમાણે લખે છે:—

"દર વર્ષે પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની જન્મજયંતીના માંગલિક પ્રસંગે કેટલાક દિવસ અગાઉથી તેમની નિર્મળ સ્વાત્માનુભૂતિ, ધર્મોદ્યોતકારી સાતિશય જાતિ-સ્મરણજ્ઞાન, રગે રગમાં વ્યાપી ગયેલી નિર્માનતા, સ્ફટિક સમી સ્વચ્છ સરળતા, પ્રશમરસ–

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નીતરતી ઉદાસીનતા અને સાગર સમાન ગંભીરતા ઇત્યાદિ ગુણો સંબંધી પરમ પૂજ્ય, પરમોપકારી, પરમપ્રભાવક, અધ્યાત્મમૂર્તિ ગુરુદેવના શ્રીમુખેથી અત્યંત પ્રસન્નતાપૂર્વક નીકળતા સહજ ઉદ્દગારોથી સ્વાધ્યાયમંદિર ગાજતું થઈ જતું હતું. આ વખતે તે પ્રત્યક્ષ ઉદ્દગારગુંજનના અભાવે સ્વાધ્યાયમંદિરમાં એક પ્રકારનું ખાલી-ખાલીપણું લાગે છે. તે ખાલીપણાનું વેદન કાંઈક હળવું થાય તે હેતુથી પરમપૂજ્ય ગુરુદેવના શ્રીમુખેથી નીકળેલા પૂર્વ સમયના તત્સંબંધી ઉદ્દગારોમાંથી કેટલાક અહીં રજૂ કરવામાં આવ્યા છે, કે જેનાં વાંચન-મનનથી મુમુક્ષુહૃદયો કાંઈક શીતળીભૂત થાય તેમ જ પોતાના જીવન-ઘડતરના સમ્યક્ પુરુષાર્થની પ્રેરણા મેળવે.”

ખરેખર પરમ-ઉપકારી ગુરુદેવના શ્રીમુખેથી સહજપણે નીકળેલા આ પવિત્ર ઉદ્દગારો મુમુક્ષુજનોને પોતાના જીવન-ઘડતરમાં અતિ ઉપયોગી થાય એવા લાગવાથી તે ઉદ્દગારોને

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આ લઘુ પુસ્તિકારૂપે પ્રકાશિત કરતાં અમને આનંદ થાય છે.

સમ્યક્ત્વપરિણત પવિત્ર મહાત્માઓનાં જીવન અને વચનામૃતોના ચિંતન દ્વારા આપણામાં નિજકલ્યાણસાધનાનો સમ્યક્ પુરુષાર્થ પ્રગટો, એ જ ભાવના.

—સમ્યક્ત્વપરિણત મહાત્માઓની
ચરણસેવાના ઇચ્છુક
જડાવબેન નાનાલાલભાઈ જસાણી
—નો પરિવાર

સોનગઢ
વિજયાદશમી,
વિ. સં. ૨૦૩૭

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

કલ્યાણશ્રેણી સાથ પામે જીવ સમકિત શુદ્ધને;
સુર-અસુર કેરા લોકમાં સમ્યક્ત્વરત્ન પુજાય છે.

(દર્શનપ્રાભૃત)

*

બહુ કથનથી શું? નરવરો ગત કાળ જે સિદ્ધયા અહો!
જે સિદ્ધશે ભવ્યો હવે, સમ્યક્ત્વમહિમા જાણવો.

(મોક્ષપ્રાભૃત)

નર ધન્ય તે, સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,
સ્વપ્નેય મલિન કર્યું ન જેણે સિદ્ધિકર સમ્યક્ત્વને.



ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર;
જ્ઞાતાનું તલ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

ॐ

नमः श्रीसद्गुरवे ।

# ધન્ય અવતાર!

**પૂજ્ય બહેનશ્રી ચંપાબેન સંબંધી**

(પ્રવચન, તત્ત્વચર્ચા ઇત્યાદિ પ્રસંગે)

**પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ઉદ્‌ગારો**

(રાજકોટ, સં. ૨૦૨૭) બેન (ચંપાબેન) તો બહુ જ ગંભીર–ગંભીર! એવો આત્મા અત્યારે હિન્દુસ્તાનમાં નથી. પવિત્રતા—પરિણતિ, અને શુદ્ધ પરિણતિ સહિતનું જાતિસ્મરણજ્ઞાન છે. વૈરાગ્ય–વૈરાગ્ય! શાસ્ત્રમાં આવે છે: તીર્થંકર દીક્ષા લે ત્યારે પહેલાં જાતિસ્મરણ થાય એવો નિયમ છે. .... જાતિસ્મરણ થાય ત્યારે ઉપયોગ મૂકવો પડે નહિ અને ફટ જ્ઞાન થાય, એકદમ વૈરાગ્ય થઈ જાય. એવું બેનને થઈ જાય છે. બેનને જાતિસ્મરણ થતાં વૈરાગ્ય ઘણો વધી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ગયો છે; એમને બિલકુલ પરની કાંઈ પડી નથી.

*

(રાજકોટ, સં. ૨૦૨૭)....બેન (ચંપાબેન) ને તો આમ પ્રત્યક્ષ દેખતાં અંદર એવું થઈ જાય છે, ખેદ આવી જાય છે: 'અરેરે! ક્યાં હતાં ને ક્યાં આવી ગયાં! અરે, પ્રત્યક્ષ બધું દેખાય છે. અહા! આ સંસાર! આ પ્રાણી! આ દુઃખ!'....ઘણો રૂડો જીવ, બહુ રૂડો જીવ; સંસારને કાંઠે આવેલો, જુદી જ જાતનો. પોતે તો કહે જ નહિ. આ તો એમની ઉંમર થઈ ગઈ ૫૮, શરીર સાધારણ, ખોરાક સાધારણ.... આ તો કેમ નભે છે!....નામ-ઠામ, ભવિષ્યનાં નામ, તીર્થંકરનું નામ—બધી સિદ્ધ થઈ ગયેલી વાત, (સીમંધર) ભગવાનના મુખે કહેલી. નાના મોઢે આવી વાત લોકોને આકરી લાગે. એકે એક, અક્ષરે અક્ષર સિદ્ધ થયેલી. ભરતક્ષેત્ર જેવું ક્ષેત્ર! અત્યારે આવો કાળ! તેમાં આ વાત લોકોને આકરી લાગે.

*

(શ્રાવણ વદ ૨, સં. ૨૦૨૦) અરે! આ જીવ (બહેનશ્રી ચંપાબેન) તો કોઈ અલૌકિક છે!

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વધારે બોલતાં નથી એટલે કંઈ છે નહિ એમ નથી. આ તો ગંભીર દ્રવ્ય છે!

એમનો પુરુષાર્થ તો એવો ફાટફાટ ઊપડેલો છે કે જો એ પુરુષ હોત તો ક્યારના મુનિદીક્ષા લઈ વનજંગલમાં ચાલ્યા જાત, અહીંયાં દેખાત પણ નહિ; શું કરે, સ્ત્રીનો દેહ છે!

....જેમ માળામાં મણકાનો મેર હોય છે તેમ આ તો આખા મંડળના—મણકાના મેર છે. એમનાથી જ મંડળ શોભે છે. એમનાથી તો બધાં હેઠે, હેઠે ને હેઠે છે.

*

(તા. ૮-૧૧-૬૫) અરે! એમનાં દર્શનથી તો ભવનાં પાપ કપાય એવો આ જીવ છે. બધા ભાઈઓ એમનાં તળિયાં ચાટે તો ઓછું છે એવું તો આ દ્રવ્ય છે!

*

(તા. ૨૧-૧૧-૬૫) ૨૮ વર્ષ થઈ ગયાં જાતિ-સ્મરણ થયાંને, પણ બહાર પડવાની જરાય જેને (બહેનશ્રી ચંપાબેનને) વૃત્તિ નથી ઊઠતી —પ્રતિબિંબ જેવાં ઠરી ગયાં છે. જેને પોતાને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાગરોપમ વર્ષોનું જ્ઞાન છે તોપણ ગુપ્ત! મને પણ નથી કહ્યું. મારી બધી વાત કહી જાય, પણ પોતાની નહિ. ....એમનો આત્મા કેટલો ગંભીર! અલૌકિક! અચિંત્ય! અદ્‌ભુત!—શબ્દો ઓછા પડે છે. આ તો સાગર સમાન ગંભીર છે.

*

પૂજ્ય ગુરુદેવ:—બેન! લૌકિક જ્ઞાનની (રાજુલના જાતિસ્મરણજ્ઞાનની) એટલી પ્રસિદ્ધિ, તો તમારો આત્મા તો મહાન છે, તમારી (તમારા જ્ઞાનની) પ્રસિદ્ધિ થવી જોઈએ.

પૂ. બહેનશ્રી:—સાહેબ! દુનિયામાં પ્રસિદ્ધિ કરીને શું કરવું છે?

દુનિયાને એમની (બહેનશ્રી ચંપાબેનની) કિંમત ક્યાંથી આવે? કારણ—કંઈ બોલતાં નથી અને બહારમાં કંઈ કરીને દેખાડતાં નથી. દુનિયાને તો બહારના ચમત્કારની કિંમત છે ને! એમના અંતરને એ શું જાણે?

*

(તા. ૨૬-૧૧-૬૫) વિ. સં. ૧૯૯૩, ચૈત્ર વદ

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

આઠમના દિવસે જ બેનને (બહેનશ્રી ચંપાબેનને) આત્માના શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ અનુભવ સાથે ઉપયોગમાં નિર્મળતા થતાં જાતિસ્મરણ થયું. ××× સમ્યગ્દર્શન ૮૯ માં થયું હતું. ××× ધ્યાન કરતાં કરતાં એટલાં એકાગ્ર થઈ જાય છે કે પોતે ભરતમાં છે કે વિદેહમાં એ પણ ભુલાઈ જાય છે. ××× અમે સાથે જ મોક્ષ જવાના છીએ. આ વાત બધી પ્રત્યક્ષ થયેલ છે. ××× બેનનું (બહેનશ્રીનું) જ્ઞાન તો અગાધ ને ગંભીર છે. ××× આ ચંપાબેનનું જ્ઞાન તો રાજુલ કરતાં અનંત અનંત સામર્થ્યવાળું છે. એને તો લૌકિક, પણ આમને તો અલૌકિક જ્ઞાન છે. આત્મજ્ઞાન સહિતનું જાતિસ્મરણ છે. ....એમને ચાર ભવનું જ્ઞાન છે પણ ગંભીર એટલાં કે કોઈ દિવસ બહાર પાડતાં નથી. મને પણ....પોતાની વાત ન કરે, મારું બધું કહી જાય. બેન તો ભગવતીસ્વરૂપ છે, ભગવતીમૂર્તિ છે. બોલવું તો એમને હરામ છે. ક્યાં બોલે જ છે? માટે લોકોને મહિમા આવતો નથી. એમના જેવાં દુનિયામાં કોઈ સ્ત્રી નથી. સ્ત્રીઓનાં મહાભાગ્ય છે કે આવા કાળમાં—આવા મિથ્યાત્વના

જોરના કાળમાં એમનો અહીં જન્મ! એ તો જે બહુમાન કરશે એમનાં મહાભાગ્ય છે.

*

(રાજકોટ, તા. ૩૧-૫-૬૭) સેંકડો વર્ષોમાં નથી થયો એવો આ સ્ત્રી-દેહમાં આત્મા પાક્યો છે. સમાજનાં એટલાં પુણ્ય ક્યાં છે કે આ વાત બહાર મુકાય? લોકોને જે બોલે છે એની કિંમત આવે છે, આ નથી બોલતાં માટે એમની કિંમત આવતી નથી. ઓછું બોલે એટલે જાણે કાંઈ આવડતું જ ન હોય એમ લોકો માને.

*

(ફતેપુર, તા. ૩-૧૨-૭૦) બેનને (ચંપાબેનને) તો ચાર ભવનું જ્ઞાન (જાતિસ્મરણ) છે. અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે એમને! આ તો કોઈ અલૌકિક આત્મા છે. ચંપાબેનની શક્તિ તો ગજબ છે. નરમ નરમ નરમ છે. સ્ત્રી-દેહ છે પણ કંઈ સ્ત્રીદેહ થોડો નડે છે? ૩૪ વર્ષ થયાં એમને જ્ઞાન પ્રગટ્યાને. સ્ત્રીઓમાં ધર્મરતન છે.

*

(તા. ૧૯-૬-૭૧) બેન (બહેનશ્રી ચંપાબેન)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તો આરાધનાની દેવી છે. પવિત્રતામાં આખા ભારતમાં અજોડ છે. એમની છત્રછાયા આખા સોનગઢમાં છે. ઓહો! બેન તો ભગવતીસ્વરૂપ છે. તારે બીજે ક્યાં ગોતવા જવું છે? એમનાં દર્શન કર ને! એક વાર ભાવથી જે એમનાં દર્શન કરશે એનાં અનંત કર્મબંધન ઢીલાં થઈ જશે. એમનાં ચરણોમાં જે વિંટાઈને રહેશે એને ભલે સમ્યગ્દર્શન ન થાય, તત્ત્વનો અભ્યાસ ન હોય, તોય એનો બેડો પાર છે.

*

સુવર્ણપુરીની આ રચના (સીમંધરભગવાન, કુંદકુંદાચાર્યદેવ ઇત્યાદિની પ્રતિષ્ઠા) એમના વિદેહના જાતિસ્મરણનો ચિતાર છે.

*

બેન તો અણમોલ રતન છે; જો પુરુષ હોત તો એક સેકંડ પણ જુદાં ન પડત.

*

એમના આ ફોટામાં કેટલા ઊંડા ભાવ આવી ગયા છે! ફોટામાં આવા, તો અંદરમાં તો હજી કેટલા ઊંડા હશે?!

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બેનશ્રીને દીકરી કહું, બેન કહું, ધર્મમાતા કહું કે સાધર્મી કહું, જે કંઈ કહું—બધું છે.

✽

ચંપાબેન તો આ કાળનું આશ્ચર્ય છે.

✽

સ્ત્રીઓમાં તો કોઈ નહિ, પણ વર્તમાન બધા....કરતાં એમની દશા વધારે છે.

✽

નહિ-જેવા માયાના પરિણામમાં અહીં આ અવતાર! નહિ તો એ અહીંયાં હોય જ શેના? પૂર્વના અખંડ બાળબ્રહ્મચારી! એમનો અવતાર જ અહીંયાં ક્યાંથી?

✽

(તા. ૮–૭–૭૧) આજ બેનનો જન્મદિન છે ને!....બધાંને કેટલો ઉલ્લાસ દેખાય છે; એમને કાંઈ છે? અધ્યાત્મમાં એમની સ્થિતિ ઉદાસ, ઉદાસ ને ઠરેલી છે.

✽

(તા. ૧૨–૯–૭૧) બેન (ચંપાબેન) ની

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિર્મળતા ઘણી ઘણી! નિર્મળતા–નિર્મળતા! અપૂર્વ અપૂર્વ સ્મરણ! શાંત ને ગંભીર! બેન તો ધર્મરતન છે. મહાવિદેહમાં ઘણી નિર્મળતા હતી; ત્યાંની નિર્મળતા લઈને અહીંયાં આવ્યાં છે. એકાંતપ્રિય, શાંતિથી એકલાં બેસી પુરુષાર્થ કર્યા કરે છે. એમને ક્યાં કોઈની પડી જ છે! કુટુંબનીયે નથી પડી. અંતર સ્વરૂપપરિણતિમાં રહે છે.

*

(તા. ૧૯–૯–૭૧) અહો! બેનના જ્ઞાનની નિર્મળતાની શી વાત કરવી! ઘણું સ્પષ્ટ જ્ઞાન! ....બેન તો જબરી આરાધના કરે છે. એકલાં બેઠાં પોતાનું કામ કર્યા જ કરે છે...હવે તો એમને બહાર પાડવાં જ છે. એમનો જય-જયકાર થશે, એમની ઘણી જાહોજલાલી થશે, જે જીવશે તે જોશે. અલૌકિક દ્રવ્ય છે, એમની લાઇન જ જુદી છે.

*

(ભા. સુ. ૧૧, સં. ૨૦૨૬) ....બેન બોલે છે તો ઘણું થોડું. દીકરીઓનાં ઘણાં ભાગ્ય છે. જો મૌન રહે તોપણ એનાં દર્શનથી તો લાભ જ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે. ....અમને ઘણા વખતથી ખ્યાલમાં હતું : બેનની ઘણી શક્તિ છે.

*

(શ્રા. વ. ૧૨, સં. ૨૦૨૨) રાજુલને પૂર્વભવનું—ગીતાનું યાદ આવ્યું તે તો સામાન્ય વાત; બેનને (બહેનશ્રીને) તો દ્રવ્યે ને ભાવે—બંને પ્રકારે સ્મરણ છે. શુદ્ધ આત્માના જ્ઞાન સહિતનું ઘણું જ્ઞાન છે. ભાવસ્મરણ એટલે નિજ શુદ્ધ આત્માનું, અને દ્રવ્યસ્મરણ એટલે આ જીવ પોતે પૂર્વે ક્યાં હતો તે,—તે બંનેનું જ્ઞાન છે. એ તો ભગવતીસ્વરૂપ છે, ભગવતી બેન છે.

*

શ્રી કુંદકુંદ-આચાર્યદેવ વિદેહમાં ગયા હતા તેના કોણ સાક્ષી છે? સાક્ષી આ ચંપાબેન બેઠાં છે તે છે.

*

બેનની ગંભીરતા તો જુઓ! બેનના બોલ (વચનામૃત) બહુ ગંભીર છે. બેનને તો ક્યાં બહાર પડવું છે? માંડ બેનનું પુસ્તક બહાર આવ્યું. બેનનું પુસ્તક તો બહુ સરસ! બહુ સરસ! અધ્યાત્મની રુચિ હોય તેને માટે તો

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બહુ સરસ. આવું ક્યારે બહાર આવે! બેનને તો વિચાર નહોતો ને બહાર આવી ગયું. જગતનાં ભાગ્ય છે!

*

(તા. ૨૬–૮–૭૨) બેનનો આત્મા તો મંગળમય છે, ધર્મરતન છે. હિંદુસ્તાનમાં બેન જેવાં અજોડ સ્ત્રીઓમાં કોઈ છે નહિ, અજોડ રત્ન છે. બાઈઓનાં તો મહાભાગ્ય છે કે આવું રત્ન મળ્યું છે.

*

(તા. ૧૭–૩–૭૩) આ બેનની તો લાઈન જ જુદી છે. એમનો વૈરાગ્ય, જાતિસ્મરણજ્ઞાન, એમની દશા—બધું જુદું જ છે. એમને ક્યાં કોઈની પડી જ છે! કોઈ વંદન કરે કે ન કરે, એ ક્યાં કોઈને જુએ જ છે!

*

(તા. ૫–૮–૭૪) ....બેન તો ચૈતન્ય-હીરલો છે, તેને હીરેથી શું વધાવવાં! તે તો પોતે જ હીરો છે. હું આહાર કરવા તેમના ઘરે ગયો ને મેં કહ્યું કે બેન! લોકોને ઘણો ઉત્સાહ છે. વજુભાઈ–હિંમતભાઈ ત્યાં બેઠા હતા. બેન કહે: 'હું

તો આત્માની સાધના કરવા અહીં આવી છું, આ તો બોજો લાગે છે.' એમને બહારની કાંઈ પડી નથી, જેટલું કરો તેટલું ઓછું છે.

*

(બેનશ્રીને આવતાં દેખીને કહ્યું—) બેન માટે જગ્યા કરો, 'ધર્મની શોભા' ચાલી આવે છે. બેન નથી સ્ત્રી, નથી પુરુષ, તે તો સ્વરૂપમાં છે. ભગવતીસ્વરૂપ એક ચંપાબેન જ છે, તેમની દશા અલૌકિક છે. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

*

બેનનું પુસ્તક (વચનામૃત) આવ્યું ઘણું ઊંચું. સાદી ભાષા, મર્મ ઘણો. અતીન્દ્રિય આનંદમાંથી આવેલી વાત છે. એકલું માખણ ભર્યું છે—એકલો માલ ભર્યો છે. ઘણું ગંભીર! થોડા શબ્દોમાં ઘણું ગંભીર! આ તો અમૃત-ધારાનો વરસાદ છે. વચનામૃત તો બાર અંગનું માખણ છે, સારમાં સાર આવી ગયું છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' કરતાં આ પુસ્તક અલૌકિક છે. જગતનાં ભાગ્ય—આવી ચીજ બહાર આવી!

આવાં વચનામૃત કોને ન ગોઠે? સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથે જોયા તે આ ભાવ છે.

*

આ તો બેનનાં અંદરનાં વચન છે ને! બેનની ભાષા સાદી, પણ અંતરની છે. અનુભવ વિદ્વત્તા માગતો નથી, અંતર અનુભૂતિ અને રુચિ માગે છે. આ બેનના શબ્દો છે તે ભગવાનના શબ્દો છે. ભાષા ય નવી ને ભાવો ય નવા! સાદી ભાષામાં અંદર રહસ્ય છે. લાખો પુસ્તકો છપાયાં, મેં કોઈ દિવસ કહ્યું ન હતું; જ્યાં આ (વચનામૃત) હાથમાં આવ્યું, (જોયું-વાંચ્યું) ને રામજીભાઈને કહ્યું: ભાઈ! આ પુસ્તક લાખ છપાવો.

*

(તા. ૬-૯-૭૭) (બહેનશ્રીનાં વચનામૃત) પુસ્તક ટાઇમસર બહાર પડ્યું. બેનને ક્યાં બહાર પડવું જ છે, પણ પુસ્તકે બહાર પાડ્યાં. ભાષા સરળ છે પણ ભાવ ઘણા ગંભીર છે. મેં આખું વાંચી લીધું છે. એક વાર નહિ પણ પચીસ વાર વાંચે તોય સંતોષ ન થાય એવું પુસ્તક છે. આ દસ હજાર પુસ્તક છપાવીને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બધા હિન્દી-ગુજરાતી 'આત્મધર્મ'ના ગ્રાહકોને ભેટ દેવાં એમ મને થયું.

*

(તા. ૧૬-૯-૭૭) હું કહું છું કે (વચનામૃત) પુસ્તક સર્વોત્કૃષ્ટ છે—આખા સમયસારનો સાર આવી ગયો છે એટલે સર્વોત્કૃષ્ટ છે. આ પુસ્તક બહાર માણસોના હાથમાં જશે તો હિન્દુસ્તાનમાં ડંકો વાગશે. આ પુસ્તક વાંચતાં તો વિરોધી પણ મધ્યસ્થ થઈ જશે—એવી વાત છે. ...જગતને લાભનું કારણ છે. માન મૂકીને એક વાર મુનિઓ (પણ) વાંચે તો એમના લાભનું કારણ છે.

*

(તા. ૧-૧૦-૭૭) પરિણમનમાંથી નીકળેલા શબ્દો છે. બેનને તો નિવૃત્તિ ઘણી. નિવૃત્તિમાંથી આવેલા શબ્દો છે. પુસ્તકમાં તો સમયસારનો સાર આવી ગયો છે—અનુભવનો સાર છે; પરમ સત્ય છે. 'વચનામૃત' એ ચીજ તો એવી બહાર આવી ગઈ છે કે હિન્દુસ્તાનમાં બધી જગ્યાએ બહાર પાડવું જોઈએ.

*

આ બેનનાં વચનો છે તે અનંત જ્ઞાનીનાં

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

વચનો છે. ઇન્દ્રોની સમક્ષ અત્યારે શ્રી સીમંધરદેવ જે ફરમાવે છે તે આ વાણી છે. આ ચોપડી સાધારણ નથી, આમાં તો બહુ ભર્યું છે. ભાષા મીઠી છે, સાદી છે; ભાવો ઊંડા ને ગંભીર છે. દિવ્યધ્વનિનો આ અવાજ છે. અરે! એક વાર મધ્યસ્થપણે આ વાંચે તો ખરો! ભગવાને કહેલી જે ૐકાર ધ્વનિ છે એમાંથી નીકળેલો આ સાર બેને કહેલ છે.

*

(સં. ૧૯૯૭) આ કાળનો જોગ અનુકૂળ છે; બેન જેવાંનો આ કાળે અવતાર છે. એ ધર્માત્મા ગૃહસ્થના ભેટા થવા પણ અનંત કાળે મોંઘા છે. ભાઈઓને આ કાળે ધર્માત્મા પુરુષ મળી આવે, પણ આ કાળે બહેનોનાં પણ સદ્‌ભાગ્ય છે.

*

(તા. ૧૭-૯-૮૦) બેનથી બોલાઈ ગયું અંતર-માંથી. ત્યાંથી (વિદેહક્ષેત્રથી) આવેલી વાત છે. બેન ત્યાંથી આવ્યાં છે...બેન (દીકરિયું પાસે) બોલેલાં ને લખાઈ ગયું, નહિતર તો બહાર આવે જ ક્યાંથી? (આ બધું) કોતરવાનું છે પથ્થરમાં (આરસનાં પાટિયાંમાં).

*

આ ( વચનામૃત ) ચોપડી એવી આવી છે કે ગમે તેટલાં શાસ્ત્ર હોય, આમાં એકેય વાત બાકી નથી. થોડા શબ્દોમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, વ્યવહાર-નિશ્ચય વગેરે બધું આવી ગયું છે. જગતનાં ભાગ્ય કે આવી સાદી ભાષામાં પુસ્તક બહાર આવી ગયું. વીતરાગતાના ભાવનું રટણ ને લઢણ છે. આખા હિન્દુસ્તાનમાં ઢંઢેરો પિટાશે. જ્યાં પુસ્તક હાથમાં આવ્યું ત્યાં કહ્યું કે એક લાખ પુસ્તક છપાવાં જોઈએ.

*

બેનને જાતિસ્મરણમાં આવ્યું છે : ભગવાન પાસે સાંભળ્યું છે કે એક એવું સમકિત હોય છે કે જે ક્ષાયિકને જોડે છે,—એવું 'જોડણી ક્ષાયક' હોય છે. એમને ગોઠતું નથી પણ હવે એ થોડું થોડું બહાર પાડીએ છીએ. ... બેનનું પુસ્તક બહુ સરસ છે, એકલું માખણ છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ' કરતાં પણ ચડી જાય એવું છે. સાદી, સરળ ભાષામાં ઊંચું તત્ત્વ પીરસ્યું છે.

*

( તા. ૧૭-૯-૮૦ ) આ તો બેનની ભાષા તદ્દન સાદી અને અંદરથી બોલેલી. આ તો જરીક

બોલ્યાં અને લખાઈ ગયું, નહિતર તો બહાર આવે જ ક્યાંથી? એકલાં રતન પડ્યાં છે! અન્યમતીનેય એમ થાય કે આવું ક્યાંય નથી! હીરાનો ભંડાર છે!

*

(તા. ૧૯–૯–૮૦) અહાહાહા! બેનની લાયકાત! ... એ (બેનની આ વાણી) તો કોતરાવાની છે પથ્થરમાં. અઢી લાખ રૂપિયા તે દિ (શ્રાવણ વદ બીજે) થઈ ગયા. (વચનામૃતનું) મકાન બનાવવામાં આવશે.

*

(રાજકોટ, ૪. સ. ૧૯૮૦) આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના. આત્માનું સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ—એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. અહાહા! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન! અંતરની મહત્તા આડે બહારનું કાંઈ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ

વર્ષોનું જાતિસ્મરણજ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે.

*

બેન (ચંપાબેન) તો જૈનનાં મીરાંબાઈ છે. ભાન સહિતની ભક્તિ છે, આંધળી દોડ નથી.

*

બેનને તો એક આનંદ આનંદ આનંદ! ને આખો દિ સહજ નિવૃત્તિ; બસ, બાકી કાંઈ કરતાં કાંઈ નહિ. કોઈ વંદન કરે કે નહિ એની સામે પણ જુએ નહિ. કોઈ સાથે લવથવ નહિ.

*

(તા. ૨૯-૧-૭૮) જેને આનંદમાં જમવટ જામી છે, જેને અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનું (-સાધકનું) આ સ્વરૂપ બેનના મુખેથી (વચનામૃતમાં) આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમોસરણમાં આમ વાત ચાલતી, ભાઈ! ...અરે! આ વાત બેસે તે તો ન્યાલ થઈ જાય તેવું છે. જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે આ બેન કહી રહ્યાં છે.

*

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તા. ૨૯-૧-૭૮) વચનામૃતના એક એક ફકરામાં, એક એક શબ્દમાં, નિધાન ભર્યાં છે. જેને તળિયાં પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો, આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિદ્ધાન્તનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં, સાદી ભાષામાં, મૂળ તત્ત્વને પ્રગટ કર્યું.

*

(શ્રાવણ વદ ૨) ચંપાબેન ખરેખર અજોડ રતન છે; તે તો અંદરથી સાવ ઉદાસ છે; તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી; પણ લોકોને તો ભક્તિપ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને!

*

(તા. ૭-૧૨-૭૭) બેનના પુસ્તક સિવાય આપણે કોઈમાં પડ્યા નથી. બેનનું પુસ્તક બહુ સારું આવ્યું. ....બેનના બોલમાં આવે છે ને 'બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે!' ઘણું સરસ!

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બેન તો મહાવિદેહથી આવ્યાં છે. એમના અનુભવની આ ( વચનામૃત ) વાણી છે. હીરાથી વધાવ્યાં તો ય તેમને કાંઈ નહિ. બેન તો ( થોડા ભવમાં ) કેવળજ્ઞાની થશે.

*

( તા. ૨૨–૧–૭૮ ) અમે ( સીમંધર ) ભગવાન પાસેથી સીધા જ આવ્યા છીએ. આ વચનામૃતમાં ભગવાનની ધ્વનિનાં મંત્રો ભરાઈ ગયાં છે. બેનની ( ચંપાબેનની ) શી વાત કરવી! તે તો ધ્યાનમાં ધ્યાનમાં બસ ધ્યાનમાં રહે છે, આનંદ આનંદ આનંદમાં છે. તેમનો દેહ સ્ત્રીનો છે તેથી ખ્યાલ ન આવે.

*

( તા. ૧૯–૯–૮૦ ) વચનામૃતના એક-એક શબ્દમાં સારો (–પૂરો ) સાર ભર્યો છે. વિચારને દીર્ઘપણે લંબાવીને અંતરમાં જા. અહાહા! બેનની ( ચંપાબેનની ) કેવી સ્થિતિ છે! કહે છે—'આત્મા' બોલતાં શીખ્યા તો અહીંથી (–ગુરુદેવ પાસેથી )! ગજબ છે એમનો વિનય અને નમ્રતા!

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બેન વિદેહથી આવ્યાં છે. એમને તો અસંખ્ય અબજ વર્ષનું જાતિસ્મરણજ્ઞાન છે. અસંખ્ય અબજ વર્ષની વાત, કાલની આજ દેખાય તેમ દેખાય છે. ....આત્મજાતિનું જ્ઞાન થવું તે યથાર્થ જાતિસ્મરણ છે—અનંત અનંત ગુણોનો નાથ તેનું જ્ઞાન અંદરમાં હોવું તે (પરમાર્થ) જાતિસ્મરણ છે.

*

(તા. ૧૯-૮-૮૦) બેનને ખબર નહિ કે કોઈ લખી લેશે. એમને બહાર પડવાનો જરા પણ ભાવ નહિ. ધર્મરતન છે, ભગવતી છે, ભગવતી-સ્વરૂપ માતા છે. (એમનાં આ વચનો) આનંદ-માંથી નીકળ્યાં છે. ભાષા મીઠી આવી ગઈ છે.

*

બેન અત્યારસુધી ગુપ્ત હતાં. હવે ઢાંક્યું નહિ રહે—છાનું નહિ રહે. એમનાં વચનો તે ભગવાનની વાણી છે, તેમના ઘરનું કાંઈ નથી—દિવ્ય-ધ્વનિ છે. બેન તો મહાવિદેહથી આવ્યાં છે. આ વચનામૃત લોકો વાંચશે, વિચારશે, ત્યારે ખ્યાલ આવશે આ કેવું પુસ્તક છે! એકલું માખણ છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(તા. ૧૯-૨-૭૮) (બેનની) આ વાણી તો આત્માના અનુભવમાં—આનંદમાં રહેતાં રહેતાં આવી ગઈ છે. અમે ભગવાન પાસે પૂર્વે હતા. બહુ ઊંચી વાત છે. અત્યારે આ વાત બીજે ક્યાંય નથી. બેન (ચંપાબેન) તો સંસારથી મરી ગયાં છે. અપૂર્વ વાત છે બાપુ!

*

બેનનું પુસ્તક તો એવું બહાર પડ્યું છે કે મારા હિસાબે તો બધાને ભેટ દેવું જોઈએ. બહુ સાદી—બાળક જેવી ભાષા; સંસ્કૃત ભાષા નહિ. બહુ જોરદાર ગંભીર વાતો એમાં છે.

*

અહાહા! આ આવી ચીજ લોકોનાં ભાગ્યે બહાર આવી ગઈ. પોકાર કર્યો છે એમાં આત્માનો. બેનનો ફોટો છે ઉપર—ઘણો સારો; શાન્ત-શાન્ત!!

*

બેન તો બેન જ છે. એના જેવું બીજું કોઈ નથી. અહીં ક્યાં અમારે કાંઈ છાનું રાખવું છે! બેન તો અજોડ છે, અકેલા હી હૈ. અમારે

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ખાનગી–ગુપ્ત છે નહિ.

*

બેનના પુસ્તકમાં બહુ ટૂંકું ને માલ–માલ છે. અન્યદર્શનીઓને પણ ગમે તેવું છે. ....અરે! એમાં તો તારી મહિમા ને મોટપની વાતો છે. મુનિઓની વાત કેવી લીધી છે!—'મુનિઓને બહાર આવવું એ બોજો લાગે છે.' આ પુસ્તક બહાર આવ્યું એ ઘણું જ સરસ! અંદર થોડામાં ઘણી વાતો છે.

*

બેન તો એક અદ્‌ભુત રતન પાક્યાં છે. શક્તિ અદ્‌ભુત છે. અતીન્દ્રિય આનંદના વેદનમાં એને કાંઈ પડી નથી. હિન્દુસ્તાનમાં એમના જેવો કોઈ આત્મા નથી. આ પુસ્તક બહાર પડ્યું એટલે કાંઈક ખબર પડે.

*

ચંપાબેન એટલે કોણ?! એમનો અનુભવ, એમનું જ્ઞાન, સમતા અલૌકિક છે. ....સ્ત્રીનો દેહ આવી ગયો છે. પણ અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં પડ્યાં છે; એમાંથી વાણી નીકળી છે.—આ, એમની વાણીનું પ્રમાણપણું છે.

*

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

બેન અલૌકિક ચીજ છે; દેહથી ભિન્ન અને રાગથી ભિન્ન આત્માને અનુભવે છે. એને (બહારમાં) ક્યાંય મજા પડતી નથી. એ તો અતીન્દ્રિય આનંદમાં લહેર કરે છે.

*

(સં. ૨૦૩૦) (શ્રાવણ વદ ૧૪ ના દિને પંડિત શ્રી હિંમતભાઈના ઘરે આહાર કરવા પધાર્યા ત્યારે— )

પૂજ્ય ગુરુદેવ :— હિંમતભાઈ! જુઓને, લોકોને કેટલા ભાવ છે બેન ઉપર! બીજના ટાણે કેટલું બધું માણસ આવ્યું 'તું!

પૂ. બહેનશ્રી (અતિ નરમાશથી) :— સાહેબ! મારે તો આત્માનું કરવું છે. એ તો બધી ઉપાધિ લાગે છે.

પૂજ્ય ગુરુદેવ :—બેનબા! તમારે શું છે? તમારે તો બધું જોયા કરવું. મારા હિસાબે તો હજી ઓછું થાય છે. તમારા માટે તો લોકો જેટલું કરે તેટલું થોડું છે.

*

(સં. ૨૦૩૩) એક સ્ત્રીનો દેહ આવી ગયો,

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નહિતર (બેન) દૂર એક ક્ષણ ન રહે. ...કેટલીક શબ્દની શૈલી તો એમના ઘરની, નિવૃત્તિની છે. સાદી ભાષા બહુ, ચાર ચોપડી ભણેલાને બેસી જાય એવી છે.

*

(તા. ૨૯-૧૧-૭૭) બેનનાં વચનામૃત એ કેવળજ્ઞાનનો કક્કો છે. બે-ચાર વાર નહિ પણ દસ વાર વાંચશે ત્યારે સમજાશે.

*

ઓહો! સાદી ભાષા, મંત્રો છે મંત્રો. આ તો લાખો શાસ્ત્રોનો નિચોડ છે. લાખો શું? કરોડ, અનંત શાસ્ત્રોનો આશય સ્વ-આલંબન કરાવવું તે છે. લોકો વાંચશે તો અહાહા! ...બાહુબલીમાં ભટ્ટારકે જોયું તો કહે કે 'મને આપો; ઓહો! આવું પુસ્તક!'

*

બેનની (ચંપાબેનની) તો શી વાત કરું! એમની નિર્મળ દૃષ્ટિ અને નિર્વિકલ્પ સ્વાત્માનુભૂતિ આ કાળે અજોડ છે. એ તો અંદરથી જ ઉદાસ-ઉદાસ છે. તેમને વિષે વિશેષ શું કહું?

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અમારે મન તો તે ભારતનું ધર્મરતન, જગદમ્બા, ચૈતન્યરત્ન, ધર્મમૂર્તિ છે, હિન્દુસ્તાનનો ચળકતો તારો છે.

*

(જામનગર, એપ્રિલ–૭૯) બેનને અસંખ્ય અબજો વર્ષનું જ્ઞાન છે—૯ ભવનું જ્ઞાન છે (–૪ ભૂતના, ૪ ભવિષ્યના). બેન તો ભગવાન પાસેથી આવ્યાં છે. અનુભવમાંથી આ વાત આવી છે. ઉદયભાવથી તો મરી ગયાં છે, આનંદથી જીવે છે. પરમાત્મા પાસેથી આવ્યાં છે. સાક્ષાત્ પરમાત્મા ત્રણ લોકના નાથ બિરાજે છે સીમંધરભગવાન, ત્યાં અમે સાથે હતા. શું કહીએ પ્રભુ ! સીમંધર પરમાત્મા પાસે ઘણી વાર જતા હતા. તે ભગવાનની આ વાણી છે. બેન તો આનંદસાગરમાં....

*

આ કથા–વાર્તા નથી, ભાગવત કથા છે. પરમાત્માની વાણીના ઇશારા છે. તેનો અનુભવ કરે તેને ખબર પડે. ....બેન તો ભગવતી માતા છે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

અહો ! ઉપકાર જિનવરનો,
કુંદનો, ધ્વનિ દિવ્યનો,
જિન-કુંદ-ધ્વનિ આપ્યા,
અહો ! તે ગુરુકહાનનો.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com

# કહાનગુરુદેવનો અપાર ઉપકાર

[ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં ઉપકૃતભાવભીનાં વચનામૃત ]

(પૂજ્ય) શ્રી કહાનગુરુદેવ શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી રહ્યા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણ-કમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો.

❀

ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઉકેલીને સત્ય શોધી કાઢ્યું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે. આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્ભુત છે. 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું,' 'જ્ઞાયક છું'—ઇત્યાદિ ઇત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે. ભેદજ્ઞાનની વાત સાંભળવી દુર્લભ હતી તેને બદલે તેઓ-શ્રીની સાતિશય વાણી દ્વારા તે વાતના હંમેશાં

ધોધ વરસે છે. ગુરુદેવ જાણે કે હાથ ઝાલીને શીખવી રહ્યા છે. પોતે પુરુષાર્થ કરી શીખી લેવા જેવું છે. અવસર ચૂકવાયોગ્ય નથી.

❀

પૂજ્ય ગુરુદેવની વાણી મળે તે એક અનુપમ સૌભાગ્ય છે. માર્ગ બતાવનાર ગુરુ મળ્યા અને વાણી સાંભળવા મળી તે મુમુક્ષુઓનું પરમ સૌભાગ્ય છે. દરરોજ સવાર-બપોર બે વખત આવું ઉત્તમ સમ્યક્તત્ત્વ સાંભળવા મળે છે એના જેવું બીજું કયું સદ્ભાગ્ય હોય? શ્રોતાને અપૂર્વતા લાગે અને પુરુષાર્થ કરે તો તે આત્માની સમીપ આવી જાય અને જન્મ-મરણ ટળી જાય—એવી અદ્ભુત વાણી છે. આવું શ્રવણનું જે સૌભાગ્ય મળ્યું છે તેને મુમુક્ષુ જીવોએ સફળ કરી લેવું યોગ્ય છે. પંચમ કાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે.

❀

ગુરુદેવ માર્ગ ઘણો જ સ્પષ્ટ બતાવી રહ્યા છે. આચાર્યભગવંતોએ મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે અને ગુરુદેવ તે સ્પષ્ટ કરે છે. પેંથીએ પેંથીએ તેલ નાખે તેમ ઝીણવટથી ચોખ્ખું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરીને બધું સમજાવે છે. ભેદજ્ઞાનનો માર્ગ હથેળીમાં દેખાડે છે. માલ ચોળીને, તૈયાર કરીને આપે છે કે 'લે, ખાઈ લે'. હવે ખાવાનું તો પોતાને છે.

*

આવા કાળે પરમ પૂજ્ય ગુરુદેવશ્રીએ આત્મા પ્રાપ્ત કર્યો તેથી પરમ પૂજ્ય ગુરુદેવ એક 'અચંબો' છે. આ કાળે દુષ્કરમાં દુષ્કર પ્રાપ્ત કર્યું; પોતે અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો અને બીજાને માર્ગ બતાવ્યો. તેમનો મહિમા આજે ગવાય છે પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

Please inform us of any errors on rajesh@AtmaDharma.com